ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ-ખેડા અને મહિસાગર જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પવિત્ર પર્વની ઉજવણીનો ઉત્સાહ છવાયો

ચરોતરમાં સ્નેહપર્વ રક્ષાબંધનની હર્ષોલ્લાસથી ઉજવણી

બહેનોએ પોતાના ભાઈઓના હાથે રાખડીનું રક્ષા કવચ બાંધીને બંધુ પરિવારની કુશળતાની શુભ કામના વ્યક્ત કરી

(પ્રતિનિધિ) આણંદ, તા ૨૮

પવિત્ર શ્રાવણ માસની સુદ - પૂનમ એટલે રક્ષાબંધન પર્વની ના આજે ચરોતરના શહેરી ગ્રામ્ય વિસ્તારોમાં ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. બહેનોએ પોતાના ભાઈઓના હાથે રાખડીનું રક્ષા કવચ બાંધીને બંધુ પરિવારની કુશળતાની શુભ કામના વ્યક્ત કરી હતી. ભાઈ પણ વીર ને પસલીરૂપે બહેનને નાની મોટી ભેટસોગાદો આપી બંધુધર્મ નિભાવ્યો હતો.

શ્રાવણી પૂર્ણિમાને દિવસે મંદિરોમાં પણ દેવ દર્શન, પૂજન, અર્ચન, દાન પુણ્યનો મહિમા રહ્યો હતો. રક્ષાબંધન પર્વ સાથે સાથે બળેવ અને નારિયેળી પૂર્ણિમા પર્વનું હિન્દુ ભારતીય સંસ્કૃતિમા પ્રાચીન કાળથી મહત્વ રહેલું છે. ભાઈ બહેનના સ્નેહપર્વ રક્ષાબંધનની ચરોતરમાં ઉલ્લાસ અને ઉમંળકાપૂર્વક ઉજવણી કરવામાં આવી છે. બહેન પોતાના ભાઈના ઘરે જઈને ભાઈના લલાટે અક્ષત કંકુનું તિલક કરી , મ્હો મીઠુ કરાવી ભાઈના હાથે રાખડી બાંધી બંધુ તેમજ પરિવારના સ્વાસ્થ્ય, સુખ, સમૃદ્ધિ, દીર્ઘાયુની અભિલાષા કરી હતી. ભાઈ પણ પોતાની બહેનને રોકડ રકમ, વસ્ત્રો, વાસણો, આભૂષણો કે ભેટ સોગાદો આપીને બંધુ પ્રેમ વ્યક્ત કરી હતી.

વિદેશમાં વસતી કે એક યા બીજા કારણોસર ભાઈને રૂબરૂ ન મળી શકનાર બહેનો પોસ્ટ કુરિયર કે અન્ય માધ્યમોથી ભાઈને રાખડીનું રક્ષાકવચ મોકલ્યુ હતુ. શ્રાવણી પૂર્ણિમાએ ચરોતરના મંદિરોમાં દર્શન પૂજન માટે મોટી સંખ્યામાં માનવ સમુદાય ઉમટયો હતો. ગોર મહારાજો પોતાના યજમાન પરિવારોને રાખડી બાંધી હતી. દરિયાખેડુઓ, માછીમારી વ્યવસાય સાથે સંકળાયેલા પરિવારો દરિયાદેવનું પૂજન અર્ચન કરી દરિયામાં શ્રીફળ હોમી કુશળતાની કામના કરી નારિયેળી પૂર્ણિમાના મહાત્મ્યને સાર્થક કર્યું હતું.

ચરોતરમાં રક્ષાબંધન પર્વને લઈને 30 ઓગષ્ટ સુધી વધારાની ૧૦૦ બસની વ્યવસ્થા

ગુજરાત રાજ્ય માર્ગ વાહન | વ્યવહાર નિગમમાં ગ ગૃહમંત્રીના હસ્તે ૧૦૧ નવી સુપર, મીની અને સ્લીપર બસો ફાળવવામાં આવી છે. જેમાં ૧૧ ડેપોનું માળખું ધરાવતા નડિયાદ ડિવિઝનમાં ૯ ડિલક્સ મીની બસોની ફાળવણી કરવામાં આવી છે. રક્ષબંધન પર્વને લઈને મહિલાઓ, જનરલ મુસાફરોનું પરિવહન સરળ બને તેઓને અસુવિધા ન વર્તાય તે ઉદ્દેશ્યથી નડિયાદ એસટી વિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમાં આવતા નડિયાદ, આણંદ, બોરસદ, પેટલાદ, ખંભાત, ખેડા, ડાકોર, કપડવંજ, માતર, મહુધા, બાલાસિનોર ડેપોમાંથી ૧૦૦ બસો મુસાફરોની માંગ ઘસારા અને જરૂરિયાત મુજબ અમદાવાદ, ડાકોર, વડોદરા, દાહોદ, ગોધરા સહિતના જુદા જુદા રૂટ ઉપર દોડાવવાનું આયોજન ગોઠવાયું છે. જોકે મુસાફરોની ભીડને ધ્યાને લઈને ૩૦મી ઓગષ્ટ સુધી એક્સટ્રા બસો દોડાવવામા આવશે.

આણંદ જિલ્લામાંથી પોસ્ટ વિભાગે વિદેશમાં રાખડી મોકલાવી ૧૫ લાખથી વધુની આવક મેળવી

ભાઈ-બહેનના પ્રેમાળ હેતના ઉલ્લાસભર્યા પર્વ રક્ષાબંધન નિમિત્તે દૂર કે વિદેશ રહેતા ભાઈઓને બહેન રુબરુ ન જઈ શકાય તો પોસ્ટ મારફતે રાખડી મોકલતી હોય છે. આ વર્ષે પોસ્ટ વિભાગે રાખડી મોકલવા માટે સ્પેશ્યલ ડિસ્કાઉન્ટ જાહેર કર્યું હતું. જેમાં વિદેશમાં રાખડી મોકલવા બદલ આણંદ પોસ્ટ વિભાગને ૧૫ લાખ ઉપરાંતની આવક પ્રાપ્ત થઈ છે. આ વર્ષથી રાખડી માત્ર ઈન્ટરનેશનલ ટૂંક પેકેટ સર્વિસીસ (આઈટીપીએસ) અને સ્પીડ પોસ્ટ મારફતેજ મોકલવાની વ્યવસ્થા હતી. ૫૦ ગ્રામથી ૧ કિલો સુધીના પાર્સલમાં વિશેષ સેવા આપવામાં આવતી હતી. જેનો સારો પ્રતિસાદ સાંપડયો છે.આણંદ પોસ્ટ વિભાગના સૂત્રોનુસાર ૧૫ જુલાઇથી ૨૬ ઓગસ્ટ સુધીના સમયગાળામાં જિલ્લાની વિવિધ પોસ્ટ ઓફિસ મારફતે વિદેશમાં રાખડી મોકલવા માટે ૩૮૦૦થી વધુ બહેનોએ બુકીંગ કરાવ્યું હતું. જેમાં ખાસ કરીને યુએસએ, ઓસ્ટ્રેલિયા, યુકે સહિતના દેશોમાં આણંદ જિલ્લામાંથી રાખડીઓ મોકલવામાં આવી હતી.

બિલોદરા જેલમાં ભાઈ બહેનના મિલનથી ભાવુક દ્રશ્યો સર્જાયા

(પ્રતિનિધિ) નડિયાદ તા ૨૮

બિલોદરા જિલ્લા જેલમાં સજા કાપી રહેલા કેદી ભાઈઓને બહેનોએ રાખડી બાંધી ત્યારે વાતાવરણ અત્યંત ભાવનાત્મક બની ગયું હતું.

નડિયાદ નજીક આવેલી બિલોદરા જિલ્લા જેલમાં પણ દર વર્ષની પરંપરા મુજબ રક્ષાબંધનની વિશેષ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ મોટી સંખ્યામાં બહેનો પોતાના કેદી ભાઈઓને રક્ષા સૂત્ર બાંધવા માટે જેલ પરિસરમાં ઉમટી પડી હતી. જેલ પ્રશાસન દ્વારા કરવામાં આવેલી વિશેષ વ્યવસ્થા અંતર્ગત ઈન્ચાર્જ અધિક્ષક જે એમ કટારા અને જેલર સી પી સોઢાના માર્ગદર્શન હેઠળ 10 જેટલા કેદીઓને જેલની બહાર ઉભા રાખીને પણ રક્ષા સૂત્ર બંધાવવાની સગવડ કરવામાં આવી હતી. વર્ષોથી પોતાના પરિવારથી દૂર રહેતા કેદી ભાઈઓ પોતાની બહેનોને લાંબા સમય બાદ સામે જોઈને અત્યંત ભાવુક બની ગયા હતા અને તેમની આંખોમાંથી ચોધાર આંસુ વહી નીકળ્યા હતા. જેલના સળિયા પાછળના આ બંધ વાતાવરણમાં પણ રક્ષાબંધનના તહેવારને કારણે ભાઈ બહેનના પવિત્ર પ્રેમનો એક અનોખો માહોલ સર્જાયો હતો.

આણંદમાં ૨.૭૭ લાખના શેર ટ્રાન્સફર કરી છેતરપીંડી કરાઈ

અકસ્માતમાં મૃત્યુ પામેલા દંપતીના ડીમેટ ખાતામાંથી શેર ટ્રાન્સફર કર્યા

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૮

માતા-પિતાના માર્ગ અકસ્માતમાં મૃત્યુ બાદ તેમના ડીમેટ ખાતામાંથી ખોટી સહીઓ કરી રૂ. ૨.૭૭ લાખથી વધુની કિંમતના વિવિધ કંપનીઓના શેર ગઠીયાઓએ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

વડોદરા ખાતે રહેતા કુણાલ વાલજીભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેમના પિતા વાલજીભાઈ અને માતા મીનાક્ષીબેનનું સંયુક્ત ડીમેટ એકાઉન્ટ આણંદની જે.કે. સિક્યોરિટીઝમાં હતું. વર્ષ ૨૦૦૪માં પોરડા ગામ નજીક કાર અકસ્માતમાં તેમના માતા-પિતાનું અવસાન થયું હતું. ફરિયાદી જ્યારે ઘરની સાફ-સફાઈ કરી રહ્યા હતા ત્યારે તેમને પિતાની જૂની ફાઈલમાંથી ડીમેટ સ્ટેટમેન્ટ મળ્યું હતું.

તપાસ કરતાં જાણવા મળ્યું કે અમદાવાદના રશ્મિકાંત એસ. શાહ (રહે. નારણપુરા) અને પંકજ રમેશભાઈ પટેલ (રહે. વાડજ) નામના શખ્સોએ મરણ જનાર દંપતીની બોગસ સહીઓ કરી ડિલિવરી સ્લિપ દ્વારા પોતાના ડીમેટ ખાતામાં ૧૫થી વધુ જાણીતી કંપનીઓના શેર ટ્રાન્સફર કરી લીધા હતા અને ત્યારબાદ ખાતું બંધ કરાવી દીધું હતું. આણંદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ખેડા જિલ્લામાં નડિયાદ અને માતર પાસે અકસ્માતના બે બનાવ બન્યા

નડિયાદ ચેતક પેટ્રોલ પંપ સામે અજાણ્યા વાહને ટક્કર મારતા અજાણી વૃદ્ધાનું મોત

નડિયાદ નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ પર રીક્ષા પલ્ટી ખાતા પતિ પત્નીને ઈજા

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૮

નડિયાદ ચેતક પેટ્રોલ પંપ સામે રોડ ઉપરથી પસાર થતી અજાણી વૃદ્ધાનું અજાણ્યા વાહને ટક્કર મારતા મોત નિપજ્યું હતું. જ્યારે નડિયાદ નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ પર ફોરવીલ ગાડીએ ટક્કર મારતા રીક્ષા પલ્ટી ખાઈ જતા રીક્ષા ચાલક તેમજ તેની પત્નીને ઈજા થઈ હતી. આ બનાવ અંગે જે તે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. નડિયાદ શહેરમાં ચેતક પેટ્રોલ પંપ આગળથી પસાર થતાં રોડ ઉપર થી ગઈકાલે સાંજે ૭૦ વર્ષની આસરાની અજાણી મહિલા પસાર થતી હતી ત્યારે કોઈ અજાણ્યો વાહન ચાલક ટક્કર મારી નાસી ગયો હતો.આ અકસ્માતમાં વૃદ્ધાને ગંભીર થતા ઈજા થઈ હતી જેથી પેટ્રોલ પંપ પર ડ્રાઈવરની નોકરી કરતા નાસીર મિયા અમીર મિયા મલેક (રહે. કેર હોસ્પિટલ પાસે,મોઈન પાર્ક, નડિયાદ) વૃદ્ધાને તુરંત જ સારવાર માટે મહાગુજરાત હોસ્પિટલમાં લઈ ગયા હતા જ્યાંથી વધુ સારવાર માટે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં લઈ જતા અજાણી વૃદ્ધાને મૃત જાહેર કરવામાં આવી હતી. આ બનાવ અંગે નાસીરમિયા અમીર મિયા મલકની ફરિયાદ આધારે નડિયાદ ટાઉન પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે બીજા બનાવમાં માતર તાલુકાના રતનપુરમાં રહેતા છોટાણી રીઝવાન ભાઈ કાસમ ભાઈ પોતાની રીક્ષામાં બીમાર પત્નીને સારવાર માટે એન.ડી.દેસાઈ હોસ્પિટલમાં ગયા હતા જ્યાંથી તેઓ રીક્ષા લઈ પરત ઘરે જતા હતા. આ દરમિયાન નડિયાદ નેશનલ હાઈવે નંબર ૪૮ રીસી પેટ્રોલ પંપ નજીક ફોરવિલ ગાડી એ રીક્ષાને ટક્કર મારતા રીક્ષા પલટી ખાઈ ગઈ હતી જેથી રીક્ષા ચાલક રિઝવાન છોટાણી તેમજ તેની પત્ની નમીરાને ઈજા થતાં બંનેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.આ બનાવ અંગે રિઝવાન છોટાણીની ફરિયાદ આધારે નડિયાદ પશ્ચિમ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

પીપલગ હાઈવે પાસે કારમાંથી લેપટોપ અને રોકડની તફડંચી

માત્ર ૧૫ મિનિટમાં કોઈ તસ્કર ગાડીનો કાચ તોડી 40 હજાર માલ મત્તા ચોરી ફરાર

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૮

આણંદ શહેરમાં રહેતા શૈલેન્દ્રભાઈ પટેલ ખાનગી કંપનીમાં છેલ્લા સાત વર્ષથી મેનેજર તરીકે ફરજ બજાવે છે અને હાલ તેમનું પોસ્ટિંગ અમદાવાદ બ્રાન્ચમાં છે. ગત ૨૪ ઓગસ્ટે તેઓ અને તેમના મિત્ર અરવિંદકુમાર ઈન્દ્રપાલ કેથલ પોતાની આઈ-૧૦ કાર લઈને અમદાવાદ નોકરી પર ગયા હતા.

સાંજે નોકરી પૂરી થયા બાદ પરત આણંદ આવતી વખતે નેશનલ હાઈવે નં. ૪૮ પર પીપલગ ચોકડી મોટી શાકમાર્કેટ સામે આવેલ 'મહાકાળી ભજીયા હાઉસ' આગળ ગાડી ઉભી રાખી તેઓ નાસ્તો કરવા માટે રોકાયા હતા. પરત આવ્યા ત્યારે કારની ડ્રાઈવર સાઈડ પાછળના દરવાજાનો કાચ તૂટેલો જોવા મળ્યો હતો. જેથી કારની અંદર તપાસ કરતા શૈલેન્દ્રભાઈની બેગ ગાયબ હતી. આ બેગમાં કંપની દ્વારા આપવામાં આવેલ લેપટોપ કિંમત અંદાજે રૂા. ૪૦,૦૦૦, વોલેટ જેમાં પાનકાર્ડ, આધારકાર્ડ, ડેબિટ કાર્ડ અને ડ્રાઈવિંગ લાઈસન્સ તેમજ બેગમાં રાખેલા રોકડ રૂા. ૨,૫૦૦ નો સમાવેશ થાય છે તથા અરવિંદકુમારની બેગ પણ ગાયબ હતી. આ અંગે નડીઆદ રૂરલ પોલીસે અજાણ્યા ચોર ઈસમ સામે ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

હાથજ ગામમાં જૂની અદાવતમાં બબાલ થતા સામસામે ફરિયાદ

હાથજ ગામના સર્વોદય નગર વિસ્તારમાંપાડોશી વચ્ચે થયેલા ઝઘડામાં પોલીસ કાર્યવાહી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૮

નડિયાદ તાલુકાના હાથજ ગામમાં સર્વોદયનગર સોસાયટીમાં રહેતા બે પાડોશીઓ વચ્ચે અગાઉ થયેલા ઝઘડાની રીસ રાખી નજીકમાં રહેતા પરેશભાઈ વાઘેલા, જશીબેન વાઘેલા, વિમળાબેન વાઘેલા તથા જય બાબુભાઈ વાઘેલા આવી બોલાચાલી કરવા લાગ્યા હતા.જેથી નયનાબેને ગમે તેમ બોલવાની ના પાડતાં આરોપીઓએ ઉશ્કેરાઈને લાકડાના દંડા વડે અને ગડદાપાટુનો માર માર્યો હતો.

આ ઝઘડામાં સાસુ શાંતાબેન તથા સસરા મીઠાભાઈ વચ્ચે પડતા ચારેય આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે નયનાબેનની ફરિયાદના આધારે પોલીસે પરેશભાઈ વાઘેલા, જશીબેન વાઘેલા, વિમળાબેન વાઘેલા અને જય વાઘેલા વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

જ્યારે સામપક્ષે પરેશકુમાર ઉર્ફે પિન્ટુ ઈશ્વરભાઈ વાઘેલાએ નોંધાવેલી વળતી ફરિયાદ અનુસાર, તારીખ ૨૪ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ રાત્રે તેઓ પાનના ગલ્લા પર હતા ત્યારે જૂની અદાવતમાં સુરેશભાઈ મીઠાભાઈ વાઘેલાએ આવી ગાળો બોલી લાકડાના દંડાથી હાથ પર માર માર્યો હતો. ત્યારબાદ તા.૨૬ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સવારે દસ વાગ્યાના અરસામાં તેમના માતા જશીબેન ઘરે એકલા હતા ત્યારે સુરેશભાઈ મીઠાભાઈ વાઘેલા, મીઠાભાઈ ભીખાભાઈ વાઘેલા અને નયનાબેન વાઘેલાએ આવી ગાળાગાળી કરી હતી. આ દરમિયાન મીઠાભાઈ વાઘેલાએ નીચે પડેલી ઈંટ વડે જશીબેનના માથામાં મારી ઈજા પહોંચાડી હતી તેમજ અન્ય આરોપીઓએ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ મામલે પરેશકુમારની ફરિયાદ આધારે નડિયાદ રૂલર પોલીસે સુરેશભાઈ વાઘેલા, મીઠાભાઈ વાઘેલા અને નયનાબેન વાઘેલા વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

મોગરમાં શ્રાવણીયો જુગાર રમતા ત્રણ શખ્સો ઝડપાયા

તમામ ઈસમો વિરુદ્ધ જુગારધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) આણંદ, તા. ૨૮

વાસદ પોલીસ સ્ટેશનની ટીમે મોગર ઈન્દિરા નગરી વિસ્તારમાં જાહેરમાં ચાલતા જુગારખાના પર દરોડો પાડી પત્તા-પાના વડે હાર-જીતનો જુગાર રમતા ત્રણ ઈસમોને રોકડ રકમ સાથે ઝડપી પાડ્યા છે.

બનાવની વિગત મુજબ, વાસદ પોલીસની ટીમ મોગર બસ સ્ટેન્ડ નજીક પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે મોગર ઈન્દિરા નગરીમાં ખુલ્લી જગ્યામાં સ્ટ્રીટ લાઈટના અજવાળામાં કેટલાક શખ્સો એકઠા થઈ પત્તા-પાના પર પૈસાની હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી સ્થળ પર કોર્ડન કરીને અચાનક રેઈડ કરી હતી.

રેઈડ દરમિયાન જુગાર રમતા ત્રણ ઈસમો–(૧) ઈરફાનખાન હબીબખાન પઠાણ (ઉં.વ. ૨૫), (૨) સમીરખાન અલ્લારખા મલેક (ઉં.વ. ૨૬) અને (૩) સકીલભાઈ ભીખાભાઈ ચાવડા (ઉં.વ. ૨૯) (તમામ રહે. મોગર ઈન્દિરા નગરી, તા.જી. આણંદ)–રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે આરોપીઓની અંગઝડતીમાંથી ૧૩,૦૨૦/-, દાવ પરથી ૨,૭૧૦/- તથા પત્તા-પાના મળી કુલ ૧૫,૭૩૦/- નો મુદ્દામાલ કબજે કર્યો છે. પકડાયેલ તમામ વિરુદ્ધ જુગારધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી વાસદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

કારચાલકે પોલીસની કારને ટક્કર મારી વડોદરા તરફ કાર ભગાવી મૂકી

વાસદ-વડોદરામાં LCB ટીમ પર કાર ચઢાવી હત્યાનો પ્રયાસ

શંકાસ્પદ ઘરફોડ તસ્કરો પોલીસ વાહનને ટક્કર મારી ફરાર

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૮

આણંદ એલ.સી.બી. (LCB) પોલીસની ટીમે બાતમીના આધારે ઘરફોડ ચોરીનો તરખાટ મચાવનાર રીઢા ગુનાખોરોને હાથ ક રવા વોચ ગોઠવી શં કાસ્પદ વાહનોને રોકવાનો પ્રયાસ કર્યો હતો.જે દરમિયાન ત સ્કરોએ પોલીસની ગાડીને જોરદાર ટક્કર મારી અધિકારીને નીચે પાડી દઈ નાસી છૂટ્યાની સનસનાટીભરી ઘટના સામે આવી છે.

LCB આણંદની ટીમ વાસદ-માંડવાપુરા ભેટાસી રોડ પર ગેબનશાપીર દરગાહ નજીક નાઈટ પેટ્રોલિંગ અને વોચમાં હતી. તે દરમિયાન બાતમી મુજબની કેસરી રંગની બ્રેઝા કાર આવતાં પોલીસે તેને રોકવા પ્રયાસ કર્યો હતો, પરંતુ કારચાલકે પોલીસની સ્વિફ્ટ કારને ટક્કર મારી વડોદરા તરફ કાર ભગાવી મૂકી હતી.

ત્યારબાદ પોલીસે પીછો ક રી વડોદરાના સયાજીપુરા માર્કેટ પાછળ અનંત સમૃદ્ધિ કોમ્પ્લેક્સના પાર્કિંગમાં રેડ ક રી હતી. ત્યાં સફેદ સ્વિફ્ટ ડિઝાયર કારમાં બેઠેલા આરોપી ગુર મુ ખસિંગ કલ્લુસિંગ સીકલગ ર તથા તારાસિંગ કલ્લુ સિં ગ સીકલીગર (બંને રહે. આજવા ચોકડી, વડોદરા) તથા તેમના સાગરીતોને પોલીસે ઓળખ આ પી પકડવા જતાં ચાલ કે એ ક દમ કાર હંકારી પોલીસ વા હનને ટક્કર મારી હતી.

જેમાં પોલીસ અધિકારી આર.એમ . ચૌહાણને જમણા હાથના કાંડાના ભાગે ઈજા પહોં ચાડી તસ્કરો અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા. વાસદ પોલીસે ફરજમાં રુકાવટ અને જીવલેણ હુમલાનો ગુનો નોંધી આરોપીઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

અનોખી પહેલ : આણંદમાં વડીલો માટે જીવનસાથી પસંદગી સંમેલન

દેશનું ૯૯મું સંમેલન આવતીકાલે આણંદમાં યોજાશે

કોઈપણ પ્રકારની ફી વિના ૪૫થી ૭૫ વર્ષના વડીલોને જીવનસાથી માટે આયોજન

(પ્રતિનિધિ) આણંદ તા.૨૮

જીવનની દોડધામમાં યુવાની વીતી જાય અને જવાબદારીઓ પૂર્ણ કર્યા બાદ અનેક વડીલો એકલતાનો સામનો કરતા હોય છે. જીવનસાથીના અવસાન, છૂટાછેડા અથવા અન્ય સંજોગોને કારણે જીવનના ઉત્તરાર્ધમાં સાથની જરૂરિયાત અનુભવતા વડીલો માટે આણંદમાં એક અનોખી અને પ્રેરણારૂપ પહેલ કરવામાં આવી છે. ૪૫થી ૭૫ વર્ષની વયના વડીલોને જીવનનો નવો સાથ મળી રહે અને જીવનના ઉત્તરાર્ધમાં ફરીથી ખુશીઓનો રંગ ભરાય તેવા હેતુથી જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

આણંદ શહેરમાં યોજાનાર આ સંમેલન શ્રી સાંઈબાબા મંદિર ટ્રસ્ટના સૌજન્ય અને શ્રી અનુબંધ ફાઉન્ડેશન, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬, રવિવારના રોજ શ્રી સાંઈબાબા મંદિર ટ્રસ્ટ, રિલાયન્સ મોલની સામે, લાભવેલ રોડ, આણંદ ખાતે યોજાશે. વડીલો પાસેથી કોઈપણ પ્રકારની ફી કે ચાર્જ લેવામાં નહીં આવે અને માત્ર સેવાભાવથી આ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આણંદ શહેરમાં આ પ્રકારનું આ બીજું જ્યારે સમગ્ર દેશભરમાં ૯૯મું સંમેલન હોવાનું આયોજકો દ્વારા જણાવાયું છે.

સંમેલનના આયોજનમાં અનુબંધ ફાઉન્ડેશન અમદાવાદના ચેરમેન નટુભાઈ પટેલ, તેમજ નવિનભાઈ પટેલિયા રઘુવંશી સાથે અમદાવાદ, રાજકોટ અને પુણે સ્થિત અનુબંધ ફાઉન્ડેશનના સ્વયંસેવકો જોડાયા છે. આ પહેલ માત્ર જીવનસાથી શોધવા પૂરતી સીમિત ન રહેતા સમાજને એક મહત્વપૂર્ણ સંદેશ પણ આપે છે કે ઉંમર જીવનની પૂર્ણાહુતિ નહીં, પરંતુ નવા સંબંધો અને નવી ખુશીઓની શરૂઆત બની શકે છે. વડીલોની લાગણીઓને સમજવા, તેમની એકલતા દૂર કરવા અને તેમને સન્માનપૂર્વક નવી જિંદગી જીવવાની તક આપવા માટે સમાજ પણ આગળ આવે તે જરૂરી છે.

આણંદમાં યોજાનાર આ સંમેલન અનેક વડીલો માટે 'પાનખરમાં વસંત' લાવતી નવી શરૂઆતનું માધ્યમ બને તેવી આશા સેવાઈ રહી છે.

એકલતાને બદલે સાથ અને જીવનમાં ફરીથી ઉમંગ લાવવા પ્રયાસ

સંમેલનના આયોજક સંસ્થા અનુબંધ ફાઉન્ડેશન અમદાવાદના ચેરમેન નટુભાઈ પટેલે જણાવ્યું હતું કે, જીવનના ઉત્તરાર્ધમાં સાથીદારની જરૂરિયાત માત્ર વ્યવહાર પૂરતી નથી, પરંતુ લાગણી, સમજણ, સહકાર અને સુરક્ષાની દૃષ્ટિએ પણ મહત્વપૂર્ણ છે. આવા સંજોગોમાં વડીલોને સમાજમાં સંકોચ વિના પોતાની લાગણી અને જરૂરિયાત વ્યક્ત કરવા માટે યોગ્ય મંચ મળે તે આ પહેલનો મુખ્ય હેતુ છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225